# આણંદ કૃષિ યુનિવર્સિટી
# આણંદ

**ધોરણ-૧૦ પછીના પોલીટેકનીક અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬નાં કોમન પ્રવેશને અંતે આણંદ કૃષિ યુનિવર્સિટીમાં ખાલી રહેલ બેઠકોમાં પ્રવેશ માટેનો રૂબરૂ કાઉન્સેલિંગ કાર્યક્રમ**

**(વેબસાઈટ: poly.gsauca.in)**

| ક્રમ નં. | પોલિટેકનિકનું નામ |
|---|---|
| ૧. | કૃષિ પોલિટેકનિક, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ |
| ૨. | કૃષિ પોલિટેકનિક, આણંદ કૃષિ યુનિવર્સિટી, વસો |
| ૩. | બાગાયત પોલિટેકનિક, આણંદ કૃષિ યુનિવર્સિટી, વડોદરા |
| ૪. | ફૂડ સાયન્સ એન્ડ હોમ ઇકોનોમિક્સ પોલિટેકનિક, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ |
| ૫. | કૃષિ ઈજનેરી પોલિટેકનિક, આણંદ કૃષિ યુનિવર્સિટી, દાહોદ |

આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકની ઉપરોક્ત પોલીટેકનીક્સમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬નાં રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓના કોમન પ્રવેશ ને અંતે ખાલી રહેલ બેઠકોમાં પ્રવેશ માટે ધો. ૧૦માં અંગ્રેજી વિષય સાથે ઉતીર્ણ થયેલ પ્રવેશ પાત્રતા ધરાવતા અને લઘુત્તમ લાયકાત ધરાવતા (General/EWS/SEBC કેટેગરીનાં ઉમેદવારો માટે ધો. ૧૦માં મુખ્ય વિષયોમાં - ૪૦% તથા SC/ST કેટેગરીનાં ઉમેદવારો માટે ધો. ૧૦માં મુખ્ય વિષયોમાં-૩૩%) તથા ચાલુ વર્ષની ૩૧ ડિરોમ્બરે ઓછામાં ઓછા ૧૫ વર્ષ પૂર્ણ થતા હોય તેવા પ્રવેશ ઇચ્છુક ઉમેદવારોએ નીચેની વિગતેના તમામ ઓરીજનલ ડોક્યુમેન્ટસ તથા તેનાં પ્રમાણિત ઝેરોક્ષનાં બે સેટ સાથે તા. ૩૦/૦૭/૨૦૨૫ ના રોજ સવારે ૦૯.૩૦ કલાકે કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, આણંદ કૃષિ યુનિવર્સિટી, ગોધરા ખાતે રૂબરૂ હાજર રહેવા જણાવવામાં આવે છે. અરજી ફોર્મ સાથે સામેલ કરવાના પ્રમાણપત્રોની ઓરીજીનલ તથા નકલો (૨ (બે)-સેટ) ની યાદી:

૧. ધોરણ-૧૦ની માર્કશીટ

૨. શાળા છોડયાનું પ્રમાણપત્ર (LC)

૩. જાતિ અંગેનું પ્રમાણપત્ર જો લાગુ પડતું હોય તો,
જો જાતિ SEBC હોય તો વેલીડ નોન-ક્રિમીલેયર પ્રમાણપત્ર (તા. ૦૧/૦૪/૨૦૨૩ કે ત્યારપછીનું)

૪. ૭-૧૨ અને ૮-અ નો તા. ૦૧/૦૪/૨૦૨૫ પછીનો દાખલો તથા વિધાર્થીનો ખેડૂત ખાતેદાર સાથે સબંધ પ્રસ્થાપિત કરતું પેઢીનામું / તલાટીનો દાખલો / રેશન કાર્ડ / સરકારશ્રી દ્વારા માન્ય કોઈપણ એક ડોક્યુમેન્ટ

ઉમેદવારોએ રૂબરૂ કાઉન્સેલિંગના સ્થળે અરજી ફોર્મ ફી રૂ.૨૦૦/- (નોન રીફંડેબલ) રૂબરૂ ભરી, રજીસ્ટ્રેશન કરાવી ફોર્મ ભરી તેની સાથે જોડેલ પ્રમાણપત્રોના ઝેરોક્ષનાં સેટને આધારે નિયમોનુસાર મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે અને તે મેરીટના આધારે રૂબરૂ કાઉન્સેલિંગ યોજવામાં આવશે. વિદ્યાર્થીઓને કોમન પ્રવેશને અંતે હાલમાં ખાલી રહેલ બેઠકોમાં જ મેરીટ મુજબ પ્રવેશ આપવામાં આવશે.

> જે વિધાર્થીઓ ખેડૂતપુત્રો / ખેડૂત ખાતેદાર હોય તેઓને નિયમોનુસાર પોલીટેકનીક ઇન એગ્રીકલ્ચર તથા પોલીટેકનીક ઇન હોર્ટીકલ્ચરમાં ખેડૂતપુત્ર/ખેડૂતપુત્રી ના વધારાના પાંચ ટકા ગુણભાર/વેઇટેજ મળવાપાત્ર થશે એટલે આવા વિધાર્થીઓએ 7-12, 8-A ની તાજેતરની ઓરીજનલ નકલ તથા વિધાર્થીનો ખેડૂત ખાતેદાર સાથે સબંધ પ્રસ્થાપિત કરતું પેઢીનામું/તલાટીનો દાખલો/રેશન કાર્ડ / સરકારશ્રી દ્વારા માન્ય કોઈપણ એક ડોક્યુમેન્ટ સાથે લાવવાનું રહેશે

> રૂબરૂ કાઉન્સેલિંગ વખતે વિધાર્થીઓને એડમીશન મળે એટલે તુરંત જ ફ્રી (વિધાર્થીઓ માટે રૂ. ૧૨૨૦/-, વિધાર્થીનીઓ માટે રૂ. ૯૬૦/-) ભરવાની રહેશે. ફી નહિ ભરનાર વિદ્યાર્થીઓનો પ્રવેશ આપોઆપ રદ થશે.

> રૂબરૂ કાઉન્સેલિંગના દિવસે નિયત કરેલ સમય કરતાં મોડા આવનાર વિદ્યાર્થીઓને (નિયત સમય/રીપોટીંગ સમય ૦૮:૩૦ કલાક) જે તે સમયે ઉપલબ્ધ ખાલી બેઠકો ઉપર મેરીટના આધારે પ્રવેશ આપવામાં આવશે

> ખાલી બેઠકો ભર્યા બાદ એડમીશન પ્રક્રિયા પૂર્ણ કરી દેવામા આવશે

> રૂબરૂ પ્રવેશ માટે આવેલ તમામ ઉમેદવારોને પ્રવેશ મળશે જ તે અંગેની ખાતરી પ્રવેશ સમિતિ આપતી નથી.

> રૂબરૂ કાઉન્સેલિંગ માટે વિધાર્થીઓ / વાલીઓએ સ્વ-ખર્ચે હાજર રહેવાનું રહેશે.

**કુલસચિવ**
**આણંદ કૃષિ યુનિવર્સિટી આણંદ**

| | | |
|---|---|---|
| AAU | **આણંદ કૃષિ યુનિવર્સિટી**<br>**આણંદ**<br>**પોલીટેકનીક પ્રવેશ ૨૦૨૫-૨૬**<br>**પ્રવેશ અરજી ફોર્મ** | (તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો) |

<table>
<tr><td>૧.</td><td>વિધાર્થીનું નામ</td><td></td></tr>
<tr><td>૨.</td><td>વિધાર્થીના પિતાનું પુરુ નામ</td><td></td></tr>
<tr><td>૩.</td><td>વિધાર્થીના માતાનું પુરુ નામ</td><td></td></tr>
<tr><td>૪.</td><td>ધોરણ–૧૦ પાસ કરેલ શિક્ષણ બોર્ડનું નામ</td><td></td></tr>
<tr><td>૫.</td><td>ધોરણ–૧૦ પાસ કરેલ વર્ષ</td><td></td></tr>
<tr><td>૬.</td><td>મુખ્ય પાંચ વિષયોમાં મેળવેલ માર્કસ</td><td>
<table>
<tr><th>Sr. No.</th><th>Subject</th><th>Total Marks</th><th>Obtained Marks</th></tr>
<tr><td>1.</td><td>Gujarati/Regional Language</td><td>100</td><td></td></tr>
<tr><td>2.</td><td>Social Science / Social Studies</td><td>100</td><td></td></tr>
<tr><td>3.</td><td>Science / Science and Technology</td><td>100</td><td></td></tr>
<tr><td>4.</td><td>Mathematics</td><td>100</td><td></td></tr>
<tr><td>5.</td><td>English</td><td>100</td><td></td></tr>
</table>
</td></tr>
<tr><td>૭.</td><td>કુલ માર્કસ (માર્કશીટમાં દર્શાવ્યા મુજબ)</td><td></td></tr>
<tr><td>૮.</td><td>મેળવેલ માર્કસ (માર્કશીટમાં દર્શાવ્યા મુજબ)</td><td></td></tr>
<tr><td>૯.</td><td>વિધાર્થીનું પુરુ નામ</td><td></td></tr>
<tr><td>૧૦.</td><td>મોબાઈલ નંબર</td><td></td></tr>
<tr><td>૧૧.</td><td>ઈ–મેઈલ એડ્રેસ</td><td></td></tr>
<tr><td>૧૨.</td><td>જાતિ (સ્ત્રી / પુરુષ)</td><td></td></tr>
<tr><td>૧૩.</td><td>જન્મ તારીખ</td><td></td></tr>
<tr><td>૧૪.</td><td>ગુજરાતના રહેવાસી છો? (હા/ના)</td><td></td></tr>
<tr><td>૧૫.</td><td>કેટેગરી (General/EWS/SEBC/SC/ ST) જાતિના દાખલા નંબર તથા ઈસ્યુ તારીખ અને SEBC જાતિના વિધાર્થીઓ માટે વેલીડ નોન–ક્રિમીલેયર દાખલા નંબર તથા ઈસ્યુ થયા તારીખ</td><td></td></tr>
<tr><td>૧૬.</td><td>ખેડૂત પુત્ર/પુત્રી છો? (હા/ના)<br>જો હા હોય તો ૭–૧૨ અને ૮–અ ના દાખલાની તારીખ તેમજ વિધાર્થીનો ખેડૂત ખાતેદાર સાથે સંબંધ પ્રસ્થાપિત કરતું પેઢી નામુ / તલાટીનો દાખલો / રેશન કાર્ડ / સરકારશ્રી દવારા માન્ય કોઈ પણ એક ડોકયુમેન્ટ</td><td></td></tr>
</table>

## **<u>બાહેંધરી</u>**

આથી હું ખાત્રી આપુ છુ કે, ઉપરોકત ફોર્મમાં મે ભરેલ માહિતી સંપૂર્ણપણે સાચી છે અને મારી જાણ મુજબ બરાબર છે તથા મે મારા માતા–પિતા / વાલીની સંમતિ મેળવી આ અરજી કરેલ છે. જો મને અત્રેની યુનિવર્સિટી હેઠળની કોઈ પણ પોલીટેકનીક પ્રવેશ મળશે તો હું નીતિ નિયમોનું ચુસ્તપણે પાલન કરીશ તેની બાહેંધરી આપુ છું.

વિધાર્થીની સહી :

તારીખ :

**<u>અરજી ફોર્મ સાથે સામેલ કરવાના પ્રમાણપત્રોની નકલોની યાદી :</u>**

૧. ધોરણ–૧૦ની માર્કશીટ

૨. શાળા છોડયાનું પ્રમાણપત્ર

૩. આધારકાર્ડ

૪. જાતિ અંગેનું પ્રમાણપત્ર, જો જાતિ SEBC હોય તો વેલીડ નોન–ક્રિમીલેયર પ્રમાણપત્ર

૫. ૭–૧૨ અને ૮–અ નો તાજેતરનો દાખલો તથા વિધાર્થીનો ખેડૂત ખાતેદાર સાથે સંબંધ પ્રસ્થાપિત કરતું પેઢી નામુ / તલાટીનો દાખલો / રેશન કાર્ડ / સરકારશ્રી દવારા માન્ય કોઈ પણ એક ડોકયુમેન્ટ